# ઝૂપડાંમાં સુપર સ્પેશિયલ 'સારવાર'

**સોનગઢ** સહિત ઉકાઈના બોરદામાં ગેરકાયદે 'બંગાળી ડોક્ટર'ની હાટડી ધમધમતી થઈ!

**જોખમી** સારવારના વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ



સોનગઢઃ સોનગઢ સહિત ઉકાઈ વિસ્તારના બોરદા અને સાતકાશી જેવા અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં યોગ્ય લાયકાત કે માન્ય રજિસ્ટ્રેશન વગર ઝૂપડામાં ચાલતી ગેરકાયદે મિની હોસ્પિટલો સામે ગંભીર સવાલો ઊભા થયા છે. અહીં કોઈ પણ જાતની તબીબી ડિગ્રી વિનાના કથિત 'બંગાળી તબીબો' દ્વારા નાનાં બાળકો તેમજ ગ્રામજનોને આડેધડ ગ્લુકોઝ અને અન્ય બોટલો ચડાવીને લોકોના સ્વાસ્થ્ય અને કીમતી જીવ સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યાં છે. આ જોખમી સારવારના વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. સ્થાનિક મહિલાઓએ ભારે આક્રોશ સાથે ગંભીર આક્ષેપો કર્યા છે કે, આ અનધિકૃત અને બોગસ તબીબો દ્વારા આપવામાં આવતી ભારે માત્રાની દવાઓને કારણે અનેક દર્દીઓની તબિયત સુધરવાને બદલે અચાનક વધુ લથડી જાય છે.

સૌથી ચોંકાવનારી બાબત તો ત્યારે સામે આવી જ્યારે આ ગંભીર મામલે તાલુકા હેલ્થ ઓફિસર (T.H.O.)નો સંપર્ક કરવામાં આવ્યો. તેમણે જવાબદારીમાંથી છટકતાં ઓન કેમેરા અત્યંત બેજવાબદાર નિવેદન આપ્યું હતું કે, મને આ બાબતે કંઈ ખબર નથી અને આ મામલો મારા કાર્યક્ષેત્રમાં આવતો નથી. એક જવાબદાર ઉચ્ચ અધિકારી જ પોતાના વિસ્તારની આવી ગેરકાયદે અને ઘાતક પ્રવૃત્તિઓથી અજાણ હોવાનું કહીને હાથ ઊંચા કરી દે, ત્યારે ગ્રામીણ પ્રજાની સ્વાસ્થ્ય સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થયો છે. આરોગ્ય વિભાગની આવી ઉદાસીનતા અને આંખ આડા કાન કરવાની નીતિ સામે તાપી જિલ્લાની જનતામાં ભારે રોષ વ્યાપી ગયો છે. હવે લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, આવા જોખમી બોગસ ડોક્ટરો સામે કડક તપાસ કરીને કાર્યવાહી કરવાની આખરે જવાબદારી કોની છે?

### સાહેબ, આપના કાર્યક્ષેત્રમાં આ કામગીરી થવી જોઈએ

- » અંતરિયાળ વિસ્તારોના બોગસ ક્લિનિક્સ પર તાત્કાલિક દરોડા પાડી તેમને સીલ કરવા
- » ડિગ્રી વગર સારવાર આપતા બોગસ તબીબો સામે FIR નોંધી તેમની ધરપકડ કરવી જોઈએ
- » જવાબદારીમાંથી છટકતા T.H.O. અને જવાબદાર સ્ટાફ સામે શિસ્તભંગની કાર્યવાહી કરવી.
- » અંતરિયાળ ગામોમાં સરકારી PHC અને મોબાઈલ વાન દ્વારા મફત અને યોગ્ય સારવાર પહોંચાડવી
- » બોગસ ડોક્ટરો પાસે સારવાર લેવાનાં જોખમો અંગે ગ્રામજનોમાં જાગૃતિ ફેલાવવી જોઈએ

## ખોલવડ નજીક ટાયર ફાટતાં ખાંડ ભરેલું કન્ટેનર પલટી ગયું



વિશાલ પટેલ

■ કામરેજ: કામરેજના ખોલવડ ગામની હદમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.48 પર કર્ણાટકના બાગલકોટથી ખાંડ ભરીને રાજસ્થાનના જોધપુર જઈ રહેલું કન્ટેનર નં.9આરજે 19 જીએચ 6997) શનિવારે આશરે 3.10 કલાકે કન્ટેનરની આગળ તેમજ બાજુમાં ચાલતી કારને બચાવવા જતાં કન્ટેનરના ચાલકે રોડની બાજુમાં આવેલા ડિવાઈડર પર ચઢાવી દેતાં ટાયર ફાટી જતાં રોડની બાજુમાં પલટી મારી ગયું હતું. જોકે, કન્ટેનરના ચાલકનો આબાદ બચાવ થયો અને મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનાને લઈને હાઈવે પર ટ્રાફિકજામ થઈ જતાં સુરત જિલ્લા ટ્રાફિક પોલીસે કન્ટેનરમાંથી મજૂરો દ્વારા ખાંડની બોરી ખાલી કરાવીને ક્રેનની મદદથી કન્ટેનર હાઈવે પરથી ઊભું કરાવી ટ્રાફિકને હળવો કરાવ્યો હતો.

# એના નવરાત્રિમાં સુરક્ષામાં ઢીલ 'મોબાઈલ ચોર' ટોળકી સક્રિય

**ખેલૈયાઓનાં** ખિસ્સાં ખંખેરાયાં, છતાં આયોજકો બેપરવાહ

બારડોલીઃ નાંદીડા ચોકડી ખાતે યોજાયેલા એના નવરાત્રિ મહોત્સવમાં આયોજકોની નફાખોરી અને સુરક્ષા વ્યવસ્થાના અભાવ વચ્ચે હવે તસ્કરો અને ખિસ્સાકાતરુઓ બેફામ બન્યા છે. વધુ કમાણી કરવાની લાલચમાં મેદાનની નિર્ધારિત ક્ષમતા કરતાં અનેકગણા વધુ પાસ પધરાવી દેવાતાં ગ્રાઉન્ડમાં સર્જાયેલી બેકાબૂ ભીડનો સીધો લાભ મોબાઈલ ચોર ટોળકી ઉઠાવી રહી છે. ગરબે ઘૂમતા ખેલૈયાઓના કિંમતી સ્માર્ટફોન અને પાકીટ સેરવી લેવાની વ્યાપક ફરિયાદો ઊઠતાં ખેલૈયાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. મોંઘાદાટ પાસ ખરીદીને ગરબા રમવા આવેલા ખેલૈયાઓની સુરક્ષાના નામે અહીં મીંડું સાબિત થયું છે. અસામાજિક તત્ત્વો અને ચોર ટોળકી ખુલ્લેઆમ સક્રિય થઈ છે. ખેલૈયાઓ ઉત્સાહભેર ગરબે ઘૂમી રહ્યા હોય તે દરમિયાન જ ખિસ્સામાંથી મોબાઈલ સેરવી લેવાની ઉપરાછાપરી ઘટનાઓ સામે આવી રહી છે. અનેક લોકોના કીમતી મોબાઈલ અને રોકડ ચોરાઈ જવા છતાં સ્થળ પર મદદ માટે કોઈ નક્કર સુરક્ષા વ્યવસ્થા ન હોવાથી ભોગ બનનારા ખેલૈયાઓ લાચાર બન્યા છે. ઉપરાંત ખીચોખીચ ભીડને કારણે નાસભાગ અને ગૂંગળામણનો ભય સતત તોળાઈ રહ્યો છે. ડોમમાં ફૂડ સ્ટોલ પર પાણી અને નાસ્તાની ચીજો પર એમઆરપી કરતાં વધુ ભાવ વસૂલીને તેમજ નબળી ગુણવત્તાવાળા ખાદ્યપદાર્થો પીરસીને ખેલૈયાઓના સ્વાસ્થ્ય સાથે પણ ચેડાં થઈ રહ્યાં છે. સુરક્ષા અને સલામતીના તમામ નિયમો નેવે મૂકનારા આવાં કોમર્શિયલ આયોજન સામે તંત્ર સમક્ષ લેખિત રજૂઆતો થઈ ચૂકી હોવા છતાં, જવાબદાર અધિકારીઓ માત્ર મહેમાન બનીને હાજરી પુરાવી રહ્યા હોવાથી આયોજકોને છૂટો દોર મળી ગયો છે. ચોર ટોળકી સામે પોલીસ તાત્કાલિક પેટ્રોલિંગ વધારી કડક કાર્યવાહી કરે તેવી ખેલૈયાઓની ઉગ્ર માંગણી છે.

આ તમામ સમસ્યાઓની સાથે આયોજનોમાં થતી મસમોટી આવકમાં GSTની સંભવિત કરચોરીનો ગંભીર મુદ્દો પણ સામે આવ્યો છે. આયોજકો દ્વારા વેચાતા પ્રવેશ પાસ, સ્પોન્સરશિપ, જાહેરાતો, પાર્કિંગ અને ફૂડ સ્ટોલ વગેરે દ્વારા થતી લાખો રૂપિયાની આવકના વ્યવહારોની યોગ્ય નોંધ રખાતી નથી. આ વ્યવહારોમાં GST સંબંધિત નિયમોનું પાલન થતું ન હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

# તેન ગામમાં બૂટમાં છુપાયેલી ચાવી ચોર માટે બની 'માસ્ટર કી'

**બૂટમાં** મૂકેલી ચાવીથી તાળું ખોલી અજાણ્યો શખ્સ રૂ.૮૭ હજાર રોકડાની ચોરી કરી ગયો



બારડોલીઃ બારડોલીના તેન ગામમાં ધોળા દહાડે એક બંધ મકાનમાંથી રૂ.૮૭,૦૦૦ની રોકડ રકમની ચોરી થયાનો બનાવ સામે આવ્યો છે. અજાણ્યા ચોરે કોઈ તાળું તોડ્યા વિના, ઘરના સભ્યોએ ઓટલા પર બૂટમાં સંતાડેલી ચાવી શોધી કાઢીને તેનાથી તાળું ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો. આ ઘટના અંગે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બારડોલીના તેન ગામના નવા હળપતિવાસમાં રહેતા ૫૫ વર્ષીય દુલાભાઈ દિવાનજીભાઈ ગામીત મજૂરીકામ કરે છે. ગત શુક્રવારે સવારે દુલાભાઈ અને તેમના પત્ની માલતીબેન મજૂરી કામ અર્થે ઘરની બહાર ગયાં હતાં. તેમનો મોટો પુત્ર સુનીલ પણ સવા દસેક વાગ્યે નોકરી પર જવા નીકળ્યો હતો. ત્યારબાદ સવારે સાડા દસેક વાગ્યાના અરસામાં સુનીલની પત્ની હરીશાબેન પણ અન્ય જગ્યાએ ઘર કામ કરવા માટે જતા સમયે ઘરના મુખ્ય દરવાજાને તાળું મારી, ઓટલા પર પડેલા બૂટમાં ચાવી મૂકીને ગયાં હતાં. બપોરે આશરે ૧૨:૨૦ વાગ્યાના અરસામાં માલતીબેન જમવા માટે ઘરે પરત ફર્યાં ત્યારે તેમણે દરવાજાનું તાળું ખુલ્લું જોયું હતું. દરવાજો અંદરથી બંધ હોવાથી તેમણે પાછળના દરવાજાનો અડાગરો ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાં જમણી બાજુના રૂમમાં સરસામાન વેરવિખેર પડ્યો હતો અને કબાટનો દરવાજો ખુલ્લો હતો. કબાટમાં તપાસ કરતા પરિવાર દ્વારા બચત માટે મૂકેલા ૮૭,૦૦૦ રૂપિયા ગાયબ હતા. આ અંગે જાણ થતાં દુલાભાઈ પણ તાત્કાલિક ઘરે દોડી આવ્યા હતા. આ સમગ્ર ઘટના અંગે દુલાભાઈ ગામીતે બારડોલી ટાઉન પોલીસ મથકે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ પોતાના ઘરમાંથી રોકડ રકમ ચોરી જવા અંગેની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કર્યો છે. હાલમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર ધિરેન્દ્રકુમાર કિશોરભાઈ ચૌધરીએ આ કેસની વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ખરચની આદિત્ય બિરલા પબ્લિક સ્કૂલમાં ચેસ ટુર્નામેન્ટ યોજાઈ



ઈબ્રાહીમ કાનુ

હથોડા: આદિત્ય બિરલા પબ્લિક સ્કૂલ (ABPS), ખરચ ખાતે 'ચેકમેટ 2026-27' આંતર-ABG શાળાઓની ઝોન-3 ચેસ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાત અને રાજસ્થાનની 12 ABG શાળાઓના વિદ્યાર્થીઓએ અંડર-9, અંડર-12 અને અંડર-14 વયજૂથમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉદઘાટન પ્રસંગે બિરલા સેલ્યુલોસિકના યુનિટ હેડ વિજયેન્દ્ર બાબુ અને અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. વિજયેન્દ્ર બાબુએ જણાવ્યું કે, ચેસ માત્ર એક રમત નથી, પરંતુ જીવનમાં સફળતા મેળવવા માટે જરૂરી અનેક મૂલ્યો શીખવતું માધ્યમ છે. ચેસ દ્વારા વ્યૂહાત્મક વિચારસરણી, ધીરજ, દૂરંદેશી, શિસ્તબદ્ધ નિર્ણયો લેવાની ક્ષમતા અને પડકારોનો પૂર્વાનુમાન કરવાની આવડત વિકસે છે. દરેક ચાલનું પરિણામ હોય છે અને દરેક નિષ્ફળતા કંઈક નવું શીખવાની તક આપે છે. સમાપન સમારોહમાં વિજેતાઓને અભિનંદન પાઠવી ટ્રોફી એનાયત કરાઈ હતી.

### બી.એ.બી.એસ. હાઈસ્કૂલના પટાંગણમાં નવરાત્રિ મહોત્સવ ઉજવાયો

બારડોલી: બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કૂલ, બારડોલીના પટાંગણમાં ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને પ્રાથમિક વિભાગના સંયુક્ત ઉપક્રમે ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો પરંપરાગત પોશાકમાં ઉપસ્થિત રહ્યા હતા. વિઆન ક્રીએશન સુરત (બ્રિજેશ આસોદરિયા) તરફથી શિક્ષકોને કચ્છી વર્કવાળી કોટી આપવામાં આવી હતી. શિક્ષકો કોટી પહેરીને ડીજેના તાલે તેમજ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ગરબા રમી નવરાત્રિ પર્વની આનંદપૂર્વક ઉજવણી કરી હતી. સમગ્ર પટાંગણ ભક્તિ, સંગીત અને ગરબાના રંગે રંગાયું હતું. કાર્યક્રમની શરૂઆત શાળા મંડળના ભૂતપૂર્વ ચેરમેન, હાલના કરોબારી સભ્ય રમણભાઈ પી.દેસાઈ, શાળાના આચાર્ય સહિત શિક્ષકગણની ઉપસ્થિતિમાં માતાજીની આરતી અને પૂજન સાથે કરવામાં આવી હતી.

## વાલોડ તાલુકામાં પોલીસની હેરાનગતિના વિરોધમાં કોંગ્રેસનું આવેદન

વાલોડઃ શનિવારે વાલોડ તાલુકાના ખેડૂતો, વેપારીઓ અને ખાનગી કંપનીઓમાં નોકરી કરવા જતા કામદારોને રસ્તા પર અટકાવવામાં આવતા હોવાની તથા વારંવાર હેરાનગતિ થતી હોવાની રજૂઆત સાથે વાલોડ તાલુકાના મામલતદાર સાહેબને યૂથ કોંગ્રેસ અને કોંગ્રેસના આગેવાનો દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહુવા વિધાનસભા યૂથ કોંગ્રેસ પ્રમુખ કૌશલ ગામીત, વાલોડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સતીશભાઈ, વાલોડ વિરોધ પક્ષના નેતા નિલેશભાઈ, વાલોડના આગેવાન બિલાલભાઈ, વાલોડ તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ ઋષિકેશભાઈ સહિત યુથ કોંગ્રેસના હોદ્દેદારો અને કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કડોદરામાં અજાણ્યા વાહને હાઈ ટેન્શન લાઈનના તાર તોડ્યા

**મગનવાડી** પાછળ વીજતાર અને ફિટિંગ્સ તૂટી જતાં રસ્તા પર પડ્યા, રૂ.૧ લાખથી વધુનું નુકસાન

પલસાણાઃ કડોદરા-જોળવા માર્ગ પર અકળામુખી હનુમાનજી મંદિર નજીક મગનવાડી પાછળથી પસાર થતી ૬૬ કે.વી. હાઈટેન્શન વીજ લાઈનના તારને કોઈ અજાણ્યા વાહને અડફેટે લઈ તોડી પાડતાં ૧ લાખથી વધુનું નુકસાન થયું હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે કંપનીના પ્રોજેક્ટ મેનેજર દ્વારા કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર મૂળ દાહોદના વતની અને હાલ મુંબઈની જે.એસ.કે. ઈન્ડસ્ટ્રિઝ પ્રા. લિ. કંપનીમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા નિતેશકુમાર સુનિલકુમાર પંચાલ (ઉં.વ.૩૭) દ્વારા નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું છે કે, તેમની કંપનીને જેટકો (GETCO) દ્વારા ૬૬ કે.વી. વાવ, જોળવા, બારડોલી અને પલસાણા લાઈનના જૂના તાર બદલી નવા તાર નાંખવાનો કોન્ટ્રાક્ટ મળેલો છે.

જે અંતર્ગત વાવ ગામે થાંભલા નં. ૦૧ થી જોળવા ગામે થાંભલા નં. ૮૪ સુધીનું કામ પ્રગતિમાં છે. ગત તા.૧૦ ઓક્ટોબરના રોજ સવારે આઠેક વાગ્યે ડીજીવીસીએલના કર્મચારી મારફતે જાણવા મળ્યું હતું કે કડોદરા અકળામુખી હનુમાનજી મંદિરથી જોળવા જતા રસ્તા પર મગનવાડીની પાછળ હાઈટેન્શન લાઈનના તાર તૂટીને માર્ગ પર પડ્યા છે. જેથી સુપરવાઈઝર તથા મજૂરોને સ્થળ પર રવાના કરાયા હતા. પ્રોજેક્ટ મેનેજરે સ્થળ તપાસ કરતાં જણાયું હતું કે, થાંભલા નં.૬૦થી ૬૩ વચ્ચે ૫૩૪ મીટરના બે તાર મળી કુલ ૧૦૬૮ મીટર તાર તેમજ ૪ નંગ સિંગલ ટેન્શન ફિટિંગ્સને કોઈ અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી તોડી પાડ્યા હતા. આ અકસ્માતમાં ૧ લાખથી વધુની કિંમતના વાયર્સ અને સાધનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. બનાવ સંદર્ભે કડોદરા જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી પીએસઆઈ જનકબેન મીરે આગળની તપાસ હાથ ધરી છે.

# પાલેજમાં મોપેડની ડીકીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ભરૂચઃ ભરૂચ રેલ્વે પોલીસ ટીમને ખાનગી બાતમી મળી હતી કે કેતન ગામીત પોતાની જુપિટર નં.(GJ 06 SC 6921) ડીકીમાં વિદેશી દારૂ લઈને જાહેરમાં વેચાણ કરે છે. બાતમીના આધારે પોલીસ ટીમે ત્યાં દરોડો પાડતાં આરોપી કેતનભાઈ સુરેશભાઈ ગામીત (ઉં.વ.૩૧) (રહે.,નવી નગરી, મહાકાળી ચોક, પાલેજ) ઝડપાઈ ગયો હતો. પોલીસે આરોપીની ગાડીની તલાશી લેતાં ડીકીમાંથી ૧૮૦ એમએલની કુલ ૨૬ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો, જેની કુલ કિં.રૂ.૪,૯૯૯ જેટલી થાય છે. આ ઉપરાંત પોલીસે આરોપી પાસેથી મોબાઈલ ફોન તેમજ જુપિટર સહિત કુલ રૂ.૨૯,૯૯૯નો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલા આરોપીએ પૂછપરછમાં જણાવ્યું કે, એક અજાણ્યા ઈસમ પાસેથી વેચાણ કરવાના ઈરાદે ખરીદી કરી છે. એ અજાણ્યા ઈસમનો વોટ્સએપ નંબર પોલીસને આપ્યો છે. ભરૂચ રેલવે પોલીસે તેની સામે પ્રોહિબિશનનો ગુનો નોંધ્યો હતો.

## જાહેર નોટીશ



આથી હમો નીચે સહી કરનાર (૧) હમીદભાઈ મહમદભાઈ મન્સુરી (પિતા) (૨) રસીદાબાનુ હમીદભાઈ મન્સુરી (માતા) બંને રહે, મામા ફળીયું, ઝંખવાવ, તા. માંગરોળ, જી.સુરતના આથી લાગતા વળગતા તમામને નોટીશ આપી જણાવીએ છીએ કે, અમારો પુત્ર નામે વસીમભાઈ હમીદભાઈ મન્સુરી છે, જે અમારા કહ્યામાં નથી, જેથી અમારા પુત્ર સાથે અમારો કોઈપણ જાતનો વ્યવહાર રહેલ નથી કે તેની સાથે અમારે કોઈ લેવા દેવા નથી, જેથી અમારા પુત્ર સાથે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કાઈપણ જાતનો આર્થિક, નાણાકીય, સામાજીક કે પારીવારીક વ્યવહાર કરશે, કરાવશે તો તેની કોઈપણ અંગત જવાબદારી અમારી રહેશે નહી, આવા વ્યવહારો અંગે જે તે વ્યક્તિ સંસ્થાની અંગત જવાબદારી રહેશે વધુમાં હમોએ અમારા પુત્રને અમારી તમામ સ્થાવર અને જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે, જે અંગે જાહેર જનતાને જાણ થાય.

હમારી સુચનાથી.

સ્થળ :- ઝંખવાવ

(પિતા) હમીદભાઈ મહમદભાઈ મન્સુરી

(માતા) રસીદાબાનુ હમીદભાઈ મન્સુરી

સરનામું : મુ.પો. કંટવા, નારીયેળી ફળિયું, તા. માંગરોળ, જી. સુરત. મો. ૯૯૧૩૯ ૦૬૮૭૮

યુવરાજસિંહ ડી. વરાછીયા
એડવોકેટ

## જાહેર હરાજી નોટિસ

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનુ કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરત સંચાલિત પ્રા.શાળા મધરકુઈના ૧ (એક) જર્જરીત ઓરડા તોડવા માટેની જાહેર હરાજી તારીખ: ૨૯/૧૦/૨૦૨૬ ને ગુરૂવારનાં રોજ સવારે ૧૧ : ૩૦ કલાકે પ્રા.શાળા મધરકુઈના મકાનમાં રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેનારે ડીપોઝીટ પેટે ૫૦૦૦/- રૂપિયાનો 'S M C EDUCATION MADHARKUI' (એસ. એમ. સી. એજ્યુકેશન મધરકુઈ) નાં નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ અને આઈ.ડી. પ્રૂફની નકલ હરાજીના દિવસે હરાજીના સમય પહેલા ૧૦:૩૦ કલાકે રજૂ કરવાના રહેશે.

હરાજી ફી : ૨૦૦/- રૂપિયા (નોન રીફંડેબલ) રહેશે.
હરાજીની શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.
હરાજી અંગે તમામ સત્તા એસ.એમ.સી મધરકુઈની અબાધિત રહેશે.
સ્થળ: પ્રા. શાળા મધરકુઈ, તા.અરેઠ, જિ.સુરત

શાળા વ્યવસ્થાપન સમિતિ મધરકુઈ
પ્રા. શાળા મધરકુઈ, તા.અરેઠ, જિ.સુરત

## સંયુક્ત રજિસ્ટ્રાર અને સભ્ય બોર્ડ ઓફ નોમીનીઝ, સહકારી મંડળીઓ, વડોદરા વિભાગ, વડોદરાની કોર્ટમાં

ઠે. લોહાણા બોર્ડીંગ, ત્રીજે માળ, જી.ઈ.બી. ઓફીસ સામે, ટાવર રોડ, રાવપુરા, વડોદરા-૦૧

વાદી:- શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી.

વિરુધ્ધ

| પ્રતિવાદીઓનું નામ અને સરનામું | સમરી લવાદ કેસ નંબર | દાવાની રકમ |
|---|---|---|
| (૫) મહેન્દ્રસિંહ બાલુસિંહ વશી રહે. મુ.સિસોદ્રા, તા. અંકલેશ્વર (૧૧) રણધીરસિંહ ડાહ્યાબાવા પીલુદરીયા રહે. મુ.પો.ધારોલી, તા.ઝઘડીયા, જી.ભરૂચ | ૪૯૯/૨૬ | ૭૫,૪૮,૪૦૮/- |
| (૫) બાલુભાઈ છીતુભાઈ ગામીત રહે. રાજપરા, તા.વાલીયા, જી.ભરૂચ (૧૫) રમેશભાઈ મોતીભાઈ ચૌધરી રહે. મુ.ઝરણાવાડી, તા.વાલીયા, જી.ભરૂચ. | ૫૦૫/૨૬ | ૧૭,૨૬,૪૯૧/- |
| (૭) રણજીતસિંહ વજેસિંહ ખેર રહે.મુ.હિરાપોર, તા.વાલીયા, જી.ભરૂચ. (૯) મહેન્દ્રસિંહ બાલુસિંહ વશી રહે. મુ.સિસોદ્રા, તા.અંકલેશ્વર જી.ભરૂચ (૧૨) મહેન્દ્રસિંહ રણધીરસિંહ પીલુદરીયા રહે. મુ.ધારોલી, તા.ઝઘડીયા, જી.ભરૂચ (૧૪) ભુપતસિંહ નરપતસિંહ માટીયેડા રહે. મુ.સિસોદ્રા, તા. અંકલેશ્વર | ૫૦૦/૨૬ | ૩૮,૬૪,૯૧૮/- |
| (૬) અર્જુનસિંહ વજેસિંહ પરમાર રહે. મુ.નંદાવ, તા.માંગરોલ, જી.સુરત (૭) બાદિન ઈસ્માઈલ યુસુફ રહે. મુ.પો.પાનોલી, તા.અંકલેશ્વર જી.ભરૂચ | ૫૦૪/૨૬ | ૯,૩૫,૬૦૯/- |
| (૧) મૈયત તખતસિંહ નારસિંહ વશીના વારસ (૧.૧) ધર્મેન્દ્રસિંહ તખતસિંહ વશી (૧.૨) જાગૃતિબેન તખતસિંહ વશી (૧.૩) સર્જનબેન તખતસિંહ વશી તમામ રહે.મુ.સિસોદ્રા, તા.અંકલેશ્વર, જી.ભરૂચ. | ૫૦૧/૨૬ | ૫,૫૧,૭૦૦/- |

### જાહેર સમન્સ

ઉપરોક્ત વાદીએ આ કોર્ટમાં સમરી પ્રોસીજર હેઠળ સહકારી કાયદાની કલમ-૯૯(૪) અન્વયે દાવાઓ દાખલ કરતાં પ્રતિવાદીઓને જાહેર સમન્સ કાઢી આપવા અરજી કરેલ છે.

આથી આ જાહેર સમન્સથી તેઓને જણાવવામાં આવે છે કે, સદરહું સમરી લવાદી દાવાનો જાહેર સમન્સ દૈનિક વર્તમાન પત્રમાં થયા તારીખથી ૧૦ દિવસની અંદર જો તમો બચાવ કરવા માંગતા હોય તો સોગંધ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખવા માંગતા હોય તેની નકલ વાદીને આપી ઉપરોક્ત સરનામે હાજર થવું, અને બચાવ કરવાની પરવાનગી મેળવવી. જો તમો તેમ કરવામાં કસુર કરશો તો દિવસ-૧૦ ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે વાદી લેખિત રકમનો વ્યાજ અને ખર્ચ સહિતનો એવોર્ડ મેળવવા હક્કદાર થશે. તેની નોંધ લેશો.

ઉપરોક્ત સમરી દાવાના કામને લગતા ડોક્યુમેન્ટ વાદીનો સંપર્ક સાધવાથી મળી શકશો.

સ્થળ:- વડોદરા, તા.૧૫/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર:-
(એમ. એમ. હઠીલા, સી.ક્લાર્ક)
મુકબલ કરનાર:-
(એમ. એમ. હઠીલા, સી.ક્લાર્ક)

કોર્ટનો સિક્કો

(ડી.આઈ.પટેલ)
નાયબ રજિસ્ટ્રાર અને સભ્ય
બોર્ડ ઓફ નોમીનીઝ, વડોદરા

# વ્યારામાં સંકલન સમિતિની બેઠક યોજાઈ

વ્યારા: વ્યારામાં જિલ્લા સેવા સદન કચેરીના સભાખંડ ખાતે ગતરોજ કલેક્ટર દેવ ચૌધરીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં અગાઉની બેઠકોમાં જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો અંગે ચર્ચા કરી વિવિધ સરકારી વિભાગોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન કલેક્ટરે સર્વજન કલ્યાણ સંપૂર્ણતા અભિયાન અંતર્ગત વધુમાં વધુ પાત્ર લાભાર્થીઓને સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે પરિણામલક્ષી કામગીરી કરવા રચનાત્મક સૂચનો આપ્યાં હતાં. ઉપરાંત નાગરિકોની અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ, નિવૃત્ત કર્મીઓના પેન્શન કેસો અને એ.જી. ઓડિટના બાકી પેરાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

## પીપોદરા-લીંડિયાત રોડ પર યુવાનનું વાહન અડફેટે મોત

હથોડાઃ મૂળ ઉત્તરપ્રદેશનો વતની અને હાલમાં ત્રણ બાળકો અને પત્ની સાથે પીપોદરા ગામે પોસ્ટ ઓફિસ નજીક રહેતો સંજય રાજેન્દ્ર રાજભર (ઉં.વ.45) પીપોદરાથી લીંડિયાત તરફ જતા માર્ગ પર પગપાળા જઈ રહ્યો હતો. ત્યારે કોઈ વાહને અડફેટે લેતાં સાયણના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જતાં તેને મૃત જાહેર કરાયો હતો.

Milano MULTIPLEX
બારડોલી

Drishyam:The Conclusion
12:00pm, 06:00pm
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 03:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Nayyi Navelli - 04:00pm
Street Fither - 11:00am, 05:00pm
Prahar The Untold Of Ujjwal Nikam - 02:00pm, 09:30pm

Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333